## ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં પહેલ

### ગ્રીનઝો એનર્જી સાથે ભાગીદારી કરી ઓસવાલ એનર્જીએ ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ શરૂ કર્યો

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૨૨ :** ભારતમાં ગ્રીન ઉર્જામાં રૂપાંતરિત કરવાની દિશામાં એક મહત્વનું પગલું લેતા ઓસવાલ એનર્જીસ લિમિટેડ ૩૨૦ કરોડનું મૂડી રોકાણ કરીને ગ્રીન હાઈડ્રોજન તૈયાર કરવાના મહત્વકાંક્ષી પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ગ્રીનઝો એનર્જી ઈન્ડિયા લિમિટેડ તરફથી એક મેગા વોર્ડના ઈલેક્ટ્રોલાઈઝરની પહેલી ડિલિવરી મળી જતા પ્રોજેક્ટની શરૂઆત થઈ છે. કેમિકલ અને ફર્ટિલાઈઝરના સેક્ટરની જરૂરિયાતને પૂર્ણ કરવા માટે ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ કરી શકાય તે હેતુથીં બિલ્ટ, ઓપરેટ અને ટ્રાન્સફરઁ એટલે કે ઁબાંધો, ચલાવો અને ટ્રાન્સફર કરી આપોઁના સિદ્ધાંત પર ૨૦ મેગાવોટનો પ્રોજેક્ટ શરૂ કર્યો છે. અડધા મેગાવોટ થી માંડીને ૫ મેગાવોટ સુધી ક્ષમતા ધરાવતા પાવર પ્લાન્ટ્સ આગામી ૧૨ થી ૧૮ મહિનામાં શરૂ કરવામાં આવશે. તેને માટે ગ્રીનઝોની અત્યાધુનિક અને સ્વદેશી ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.

ઓસવાલ એનર્જીઝના મેનેજિંગ ડિરેક્ટર રતન બોકડીયા એ જણાવ્યું કે ઈલેક્ટ્રોલાઈઝર ડિલિવરી માત્ર માલની ડિલિવરી નથી પરંતુ ઉર્જા ક્ષેત્રમાં પરિવર્તનની પાયાની કામગીરીના આરંભ બને છે. ગ્રીનઝો સાથેની ભાગીદારીમાં સફળતા હાંસલ કરવાની છે. ગ્રીનઝો એનર્જીની ઓર્ડર બુક વધીને રૂપિયા ૧૫૦૦ કરોડને ક્રોસ કરી છે. ગ્રીનઝો એનર્જીના એમડી સંદીપ અગ્રવાલે જણાવ્યું કે અમે આપેલા ઈલેક્ટ્રોલાઈઝરના સપ્લાય થકી ગ્રીન એનર્જીના મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રમાં ભારતની વધી રહેલી ક્ષમતાનો પ્રસ્થાપિત થઈ રહી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે.

## કડીનો ગઢ ભાજપે જાળવી રાખ્યો, વિસાવદરમાં આમ આદમી પાર્ટીનો ભવ્ય વિજય

### કડીમાં ભાજપના ઉમેદવારે કોંગ્રેસના ઉમેદવારને ૩૯,૪૫૨ વોટથી અને વિસાવદરમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારે ભાજપના ઉમેદવારને ૧૭,૫૫૪ વોટથી પરાજિત કર્યા

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૨૩ :** રાજ્યની અનુસૂચિત જાતિ માટેની કડીની અનામત બેઠક અને વિસાવદરની ખાલી પડેલી બેઠકો ઉપર ૧૯મીના ગુરુવારે મતદાન યોજાયા બાદ ૨૩મીના સોમવારે મત-ગણતરી હાથ ધરાઈ હતી. જેના પરિણામ બપોર સુધીમાં જાહેર થઈ ચૂક્યાં હતા. જે મુજબ કડીની બેઠક ઉપરથી ભાજપના ઉમેદવાર રાજેન્દ્રકુમાર ચાવડા કોંગ્રેસના ઉમેદવાર રમેશભાઈ ચાવડા સામે ૩૯,૪૫૨ વોટથી વિજયી થયાં છે. ભાજપના ગઢ સમી આ કડીની પરંપરાગત બેઠક ઉપર આમ આદમી પાર્ટીના ઉમેદવાદ જગદીશ ચાવડાને માત્ર ૩૦૯૦ વોટ મળ્યા હતા. જોકે, તેની સામે વિસાવદરની પેટા-ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાયિલાએ મોટું કાઠું કાઢ્યું છે. વિસાદર બેઠકની પેટ-ચૂંટણીમાં આપના ગોપાલ ઈટાલિયાને ભાજપના ઉમેદવાદ કિરીટ પટેલ સામે ૧૭,૫૫૪ જેવા ધરખમ વોટથી જીત મળી છે. વિસાવદરની બેઠક પર ત્રીજા નંબરે રહેલી કોંગ્રેસને માંડ ૫૫૦૧ વોટ જ મળ્યા હતાં.

અનુસૂચિત જાતિ અનામત એવી કડી વિધાનસભા બેઠક પર ભાજપના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીનું નિધન થવાને કારણે આ બેઠક ખાલી પડી હતી. જ્યાં યોજાયેલી પેટા-ચૂંટણીમાં ભાજપે ફરીથી આ બેઠક જીતીને કડીની પરંપરાગત બેઠક ઉપર ભગવો યથાવત રાખ્યો છે. કડીમાં ભાજપના ઉમેદવાર રાજેન્દ્ર કુમાર ચાવડાને ૯૯,૭૪૨ અને કોંગ્રેસના ઉમેદવાર રમેશભાઈ ચાવડાને ૬૦,૨૯૦ વોટ જ્યારે આપના ઉમેદવારને ૩૦૯૦ વોટ ઉપરાંત નોટાને ૧૭૦૧ વોટ મળ્યા હતા. ૧૯૯૦થી વચ્ચેની એક ચૂંટણીને બાદ કરતાં ક્યારેય આ બેઠક પર ભાજપનો પરાજ્ય અને કોંગ્રેસની જીત થઈ નથી.

એવી જ રીતે વિસાવદરમાં ખાલી પડેલી બેઠક કોર્ટ મેટરના કારણે અટવાઈ હતી. કોર્ટ કેસ પાછો ખેંચાયા બાદ અહીં પેટા ચૂંટણી શક્ય બની હતી. આ એવી બેઠક છે કે, જ્યાં છેલ્લી ૪ ચૂંટણીઓથી ભાજપને વિજય મળ્યો નથી. અહીંનો ટૂંકો ઈતિહાસ એવો છે કે, વિસાવદરથી ૨૦૧૭ની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર હર્ષદ રિબડિયા જીત્યા હતા પરંતુ તેમણે જે તે સમયે ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને ભાજપનો ખેસ ધારણ કરી લીધો હતો પરિણામ સ્વરુપ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી વખતે અહીં ભીજપના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરેલા હર્ષદ રિબડિયાનો ચૂંટણી જંગ આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભૂપત ભાયાણી સામે ખેલાયો હતો. જેમાં ભાજપને પરાજ્ય અને આમ આદમી પાર્ટીને વિજય મળ્યો હતો.

## એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડનો રૂા.૧૨,૫૦૦ કરોડનો આઈપીઓ બુધવારે ખૂલશે




**અમદાવાદ, તા. ૨૩ :** એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસીઝ લિમિટેડ ("HDB Financial" or "The Company") બુધવાર, ૨૫ જૂન, ૨૦૨૫ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઓફર ખુલ્લી કરશે.

એન્કર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ૨૪ જૂન, ૨૦૨૫ રહેશે. બિડ/ઓફર શુક્રવાર, ૨૭ જૂન, ૨૦૨૫ના રોજ બંધ થશે. બિડ્સ લઘુતમ ૨૦ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૨૦ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે.

ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૭૦૦થી રૂ. ૭૪૦ નક્કી કરવામાં આવી છે.

પ્રત્યેક રૂ. ૧૦ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર્સની રૂ. ૧,૨૫,૦૦૦ મિલિયન (રૂ. ૧૨,૫૦૦ કરોડ) સુધીના મૂલ્યની કુલ ઓફર સાઈઝમાં રૂ. ૨૫,૦૦૦ મિલિયન (રૂ. ૨,૫૦૦ કરોડ) સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૧,૦૦,૦૦૦ મિલિયન (રૂ. ૧૦,૦૦૦ કરોડ) સુધીના મલૂયના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

કંપની એન્ટરપ્રાઈઝ લેન્ડિંગ, એસેટ ફાઈનાન્સ અને કન્ઝ્યુમર ફાઈન્સ જેવા કંપનીના બિઝનેસ વર્ટિકલ્સ પૈકીના કોઈપણની હેઠળ ઓનવર્ડ લેન્ડિંગ સહિત કંપનીની ભવિષ્યની મૂડી જરૂરિયાતોને પહોંચી વળવા માટે કંપનીની ટિયર-૧ કેપિટલ બેઝને વધારવા માટે ફ્રેશ ઈશ્યૂમાંથી મળેલી કુલ રકમનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. આ ઉપરાંત, ફ્રેશ ઈશ્યૂમાંથી મળતી રકમના એક હિસ્સાનો ઓફરના ખર્ચને પહોંચી વળવા માટે ઉપયોગ કરવામાં આવશે.

ઈક્વિટી શેર મૂડીના વેચાણ માટેની ઓફરમાં એચડીએફસી બેંક લિમિટેડ ("Promoter Selling Shareholder") દ્વારા રૂ. ૧,૦૦,૦૦૦ મિલિયન (રૂ. ૧૦,૦૦૦ કરોડ) સુધીના મૂલ્યના શેર્સનો સમાવેશ થાય છે.

ઈક્વિટી શેર્સ અમદાવાદ ખાતે રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ ("RoC"), ગુજરાત, દાદરા અને નગર હવેલીમાં ૧૯ જૂન, ૨૦૨૫ના રોજ ફાઈલ કરાયેલા કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઓફર કરવામાં આવશે. ઈક્વિટી શેર્સને બીએસઈ લિમિટેડ ("BSE") અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા ("NSE", and together with BSE, the "Stock Exchanges") પર લિસ્ટિંગ કરવાની યોજના છે. ઓફરના હેતુઓ માટે એનએસઈ નિયુક્ત સ્ટોક એક્સચેન્જ રહેશે.

## ભગવાન જગન્નાથની ૧૪૮મી ભવ્ય રથયાત્રા માટે તડામાર તૈયારીઓ

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૨૩ :** ભગવાન જગન્નાથની ૧૪૮મી ભવ્ય રથયાત્રા આગામી ૨૭ જૂન અષાઢી બીજ ના રોજ પરંપરાગત રીતે યોજવા જઈ રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હર્ષોલ્લાસ સાથે ઉજવાતી આ રથયાત્રા માટે જમાલપુર જગન્નાથ મંદિર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે, જે અંતર્ગત મંદિર પરિષદનો રૂપિયા એક કરોડનો વીમો પણ લેવામાં આવ્યો છે. આ રથયાત્રાને ઓનલાઈન પણ નિહાળી શકાશે

જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ રથયાત્રા વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ વર્ષે રથયાત્રામાં ૧૮ ગજરાજો, ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ૧૦૧ ટ્રકો,અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ અને ૩ બેન્ડ બાજા વાળા જોડાશે. હરિદ્વાર, અયોધ્યા, નાસિક, ઉજ્જૈન, જગન્નાથ પુરી થતા સૌરાષ્ટ્રમાંથી ૨૫૦૦ જેટલા સાધુ-સંતો પધારશે. ભક્તો www.jagannathjiahd. org વેબસાઈટ પર ઓનલાઈન રથયાત્રા દર્શનનો લાભ લઈ શકશે.

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૩૧૮/૨૦૨૪

**અરજદાર :-** **અમિષાબેન બચુભાઈ પટેલ**
રહે. બાલદા સડક ફળિયા તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી બાલદા
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અમિષાબેન બચુભાઈ પટેલ**, રહે. બાલદા સડક ફળિયા તા.પારડી જી.વલસાડનાએ તેઓના દાદા **દાજીભાઈ મોતીભાઈ પટેલ**નું મરણ તા.૧૦/૧૧/૧૯૭૨ ના રોજ મોજે- બાલદા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૩૧૮-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૩૧૯/૨૦૨૪

**અરજદાર :-** **અમિષાબેન બચુભાઈ પટેલ**
રહે. બાલદા સડક ફળિયા તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી બાલદા
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અમિષાબેન બચુભાઈ પટેલ**, રહે. બાલદા સડક ફળિયા તા.પારડી જી.વલસાડનાએ તેઓના દાદી **પાલીબેન દાજીભાઈ પટેલ**નું મરણ તા.૦૧/૦૨/૧૯૮૫ ના રોજ મોજે- બાલદા તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૩/૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૩૧૯-૨૦૨૪/૨૦૨૫**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

## શક્તિસિંહ ગોહિલે પ્રદેશ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૨૩ :** ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં આજે એક મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પોતાના પદેથી રાજીનામું આપી દીધું છે. તેમણે પત્રકાર પરિષદ યોજીને આ જાહેરાત કરી હતી અને જણાવ્યું કે,ઁપ્રદેશ પ્રમુખ તરીકે મારી આ છેલ્લી પ્રેસ કોન્ફરન્સ છેઁ. તેમણે કડી અને વિસાવદર પેટાચૂંટણીના પરિણામોને આઘાતજનકઁ ગણાવ્યા હતા અને કહ્યું હતું કે, પોતાના નેતૃત્વ હેઠળ અપેક્ષિત પરિણામો ન આવતા હોવાની જવાબદારી સ્વીકારીને આ પગલું ભર્યું છે.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે કોંગ્રેસમાં સંગઠન સુધારણા કાર્યક્રમની શરૂઆત ગુજરાતથી થઈ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, જિલ્લા કક્ષાએ કાર્યકરોનો અવાજ સાંભળીને જિલ્લા પ્રમુખની નિમણૂક કરવામાં આવી રહી છે, અને જિલ્લા તથા શહેર પ્રમુખની નવી નિમણૂકથી કોંગ્રેસને નવું બળ મળ્યુંછે. તેમણે ભાવનગર શહેર અને જિલ્લામાં પણ યોગ્ય અને સક્ષમ ઉમેદવારો હોવાનું જણાવ્યું હતું.

ગોહિલે પોતાના રાજીનામા પાછળનું કારણ સ્પષ્ટ કરતા કહ્યું કે,ઁમારા નેતૃત્વમાં પરિણામ ન આવી શક્યું, તેથી હું રાજીનામું આપું છુંઁ. તેમણે કોંગ્રેસના કાર્યકરોની પ્રશંસા કરતા કહ્યું કે, ઁઅમારા કાર્યકરો ૩૦ વર્ષ સુધી સત્તામાં ન હોવા છતાં લડ્યા છેઁ. આ દર્શાવે છે કે તેઓ સંગઠનની નિષ્ઠાને સન્માન આપે છે, પરંતુ વ્યક્તિગત રીતે નૈતિક જવાબદારી સ્વીકારી રહ્યા છે.

### અમદાવાદ પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલા

## વાપીના બદરુદીન હાલાણી અને તેમના પત્ની અને ભાભીને શ્રધ્ધાંજલિ અપાઈ





**વાપી, તા. ૨૩ :** વાપીમાં રવિવારે હાલાણી પરીવારનાં મોભી બદરુદીનભાઈ, તેમનાં પત્ની યાસ્મીનાબેન અને મોટા ભાભી મલેકબેનનું અમદાવાદ ખાતે પ્લેન ક્રશમાં નિધન થયું હતું. જેને લઈ સદગત આત્માઓને શાંતિ મળે તે હેતુસર વાપી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે રવિવારે શ્રદ્ધાંજલિ અને પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રાર્થનાસભા રાજ્યના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, પૂર્વ મંત્રી અને વર્તમાન ઉમરગામનાં ધારાસભ્ય રમણભાઈ પાટકર, જીતુભાઈ ચૌધરી, ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, પૂર્વ સાંસદ ડૉ. કે.સી. પટેલ, ગાંધીવાદી ગફુરભાઈ બિલખીયા સહિત વાપીનાં ઉદ્યોગપતિઓ, ખોજા સમાજ, મુસ્લીમ સમાજ આર.એસ.એસ.નાં સ્વયંસેવકો, ભાજપનાં હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને બદરૂદ્દીનભાઈ હાલાણીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

પ્રાર્થનાસભા બાદ હાલાણી પરીવાર વતી તાજદિનભાઈ (રાજુભાઈ) હાલાણીએ અશ્રુભરી આંખે જણાવેલ કે અમારા પરીવાર પર અચાનક આવી પડેલ દુ:ખદ ઘડીમાં ઉપસ્થિત સૌ આત્મીયજનોનો આભાર વ્યક્ત કરી અંતમાં સંવેદના સભર શબ્દોમાં જણાવેલ કે હાલાણી પરીવાર આપ સૌનો ઋણી રહેશે.

## હવે ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓની ઓળખ માટે AI સિસ્ટમ અમલી

**અમારા પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૨૩ :** ગુજરાત સરકાર પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના સ્તરે સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો (અધ-વચ્ચેથી શાળા છોડી જવાનું પ્રમાણ) લગભગ શૂન્ય ટકા કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. જેના હાંસલ કરવા અને વિદ્યાર્થીઓમાં સ્કૂલ ડ્રોપઆઉટને અટકાવવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત અર્લી વૉર્નિંગ સિસ્ટમ (EWS) લાગુ કરવામાં આવી છે. આ સિસ્ટમ શાળા છોડીને જઈ શકે તેવા સંભવિત બાળકોની અગાઉથી જ ઓળખ કરી લે છે, જેથી તેઓને શાળા છોડતા અટકાવી શકાય અને તેઓ પોતાનું શિક્ષણ પૂર્ણ કરી શકાય. આ સિસ્ટમનો ઉદ્દેશ મુખ્ય સૂચકાંકોના આધારે શાળા છોડી દેવાનું જોખમ ધરાવતા બાળકોની ઓળખ કરવાનો છે. આવા બાળકોની ઓળખ થઈ ગયા પછી તેમની ચોક્કસ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, નિવારક પ્રતિભાવ વ્યૂહરચનાઓ અને હસ્તક્ષેપોના માધ્યમથી તેમને શાળામાં ટકી રહેવા માટે સહયોગ પૂરો પાડવામાં આવશે.

ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓ (ધો- ૧ થી ૮)માં આજે લગભગ ૧ કરોડ જેટલા વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે અને આ વિદ્યાર્થીઓમાંથી EWS થકી અત્યારસુધીમાં લગભગ ૧,૬૮,૦૦૦ એટલે કે ૨ ટકાથી પણ ઓછા વિદ્યાર્થીઓની ઓળખ કરવામાં આવી છે. જેઓ સંભવિત ડ્રોપઆઉટનું જોખમ ધરાવે છે. હવે, રાજ્ય સરકાર એ નિશ્ચિત કરશે કે, EWS દ્વારા ઓળખી કાઢવામાં આવેલા સંભવિત ડ્રોપઆઉટ થવાનું જોખમ ધરાવતા આ ૧,૬૮,૦૦૦ બાળકો તેમનું શાળાકીય શિક્ષણ ચાલુ રાખે. આ માટે આ બાળકો અને તેમના વાલીઓને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવશે અને બાળકના વિકાસ અને પ્રગતિ માટે શાળાકીય શિક્ષણ પૂર્ણ કરવું કેટલું મહત્વપૂર્ણ છે, તેની સમજ આપશે. AI આધારિત અર્લી વૉર્નિંગ સિસ્ટમ (EWS) પ્રાથમિક શાળામાં (ધો- ૧ થી ૮) ભણતા પ્રત્યેક વિદ્યાર્થીના રેકોર્ડ (ઉંમર, જાતિ, વિકલાંગતા વગેરે), શાળા પ્રદર્શન, હાજરી અને મૂલ્યાંકન જેવા ડેટાનો ઉપયોગ કરીને વિદ્યાર્થીના સંભવિત ડ્રોપઆઉટ થવાની અગાઉથી આગાહી કરે છે અને તેને અટકાવવા માટેના પગલાં લેવા માટે એલર્ટ આપે છે.


દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર
ડાઉનલોન કરવા માટે
ક્યુઆર કોડ સ્કેન કરો



UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

For details please scan QR code
E-mail ID: micro.namomeri@gmail.com
Tel: 7624092991

**DIRECTORATE OF MEDICAL & HEALTH SERVICES, SILVASSA**
**No.DMHS/NAMOMERI/ARS/2024-25/22**
**Date: 21/06/2025**
**ADVERTISMENT**
Directorate of Medical & Health Services, Dadra & Nagar Haveli and Daman & Diu is conducting walking interview for the posts on Short term contract basis in ICMR Anti-Microbial Resistance Surveillance Progarmme (ICMR-AMR PROJECT, Department of Microbiology) under NAMO Medical Education & Research Institute, Silvassa

O/o Director, Medical & Health Department, NAMO Hospital, Silvassa, DNH
**NO.: IP/DMN/2/5/2025-26/573** **DATED : 23/06/2025**












